


# બીજા તબક્કામાં થયેલા મતદાનની ટકાવારી

| જિલ્લો | વિધાનસભા વિસ્તાર | મતદાન (ટકામાં) |
|---|---|---|
| કચ્છ | અબડાસા | ૭૨.૯૬ |
| | માંડવી | ૭૧.૪૩ |
| | ભુજ | ૬૮.૧૧ |
| | અંજાર | ૭૧.૫૪ |
| | ગાંધીધામ(એસસી) | ૬૧.૦૪ |
| | રાપર | ૬૨.૪૯ |
| | કુલ | ૬૭.૭૭ |
| બનાસકાંઠા | વાવ | ૭૭.૦૪ |
| | થરાદ | ૮૪.૯૬ |
| | ધાનેરા | ૭૬.૪૫ |
| | દાંતા (એસટી) | ૭૪.૨૪ |
| | વડગામ (એસસી) | ૭૧.૩૪ |
| | પાલનપુર | ૭૦.૧૭ |
| | ડીસા | ૬૯.૭૧ |
| | દીયોદર | ૮૧.૬૩ |
| | કાંકરેજ | ૭૧.૧૭ |
| | કુલ | ૭૪.૮૯ |
| પાટણ | રાધનપુર | ૬૮.૧૮ |
| | ચાણસ્મા | ૬૯.૩૫ |
| | પાટણ | ૬૯.૬૪ |
| | સિદ્ધપુર | ૭૬.૯૫ |
| | કુલ | ૭૦.૯૨ |
| મહેસાણા | ખેરાલુ | ૭૦.૬૧ |
| | ઊંઝા | ૬૯.૩૨ |
| | વિસનગર | ૭૩.૮૮ |
| | બેચરાજી | ૭૪.૬૯ |
| | કડી (એસસી) | ૭૭.૦૨ |
| | મહેસાણા | ૭૪.૨૩ |
| | વિજાપુર | ૭૪.૮૨ |
| | કુલ | ૭૩.૬૪ |
| સાબરકાંઠા | હિંમતનગર | ૭૮.૬૫ |
| | ઈડર(એસસી) | ૭૭.૯૫ |
| | ખેડબ્રહ્મા (એસટી) | ૭૫.૦૧ |
| | ભિલોડા | ૭૨.૩૪ |
| | મોડાસા | ૭૫.૧૩ |
| | બાયડ | ૭૫.૭૮ |
| | પ્રાંતિજ | ૭૪.૧૩ |
| | કુલ | ૭૫.૫૬ |
| ગાંધીનગર | દહેગામ | ૭૩.૧૨ |
| | ગાંધીનગર ઉત્તર | ૭૨.૬૪ |
| | ગાંધીનગર દક્ષિણ | ૭૧.૧૩ |
| | માણસા | ૮૦.૦૫ |
| | કલોલ | ૭૫.૮૮ |
| | કુલ | ૭૪.૪૫ |
| અમદાવાદ | વિરમગામ | ૬૬.૧૫ |
| | સાણંદ | ૭૩.૭૩ |
| | ઘાટલોડિયા | ૭૧.૫૮ |
| | વેજલપુર | ૭૦.૫૨ |
| | વટવા | ૬૮.૮૨ |
| | એલિસબ્રિજ | ૬૭.૦૩ |
| | નારણપુરા | ૬૯.૩૦ |
| | નિકોલ | ૬૭.૫૩ |
| અમદાવાદ | નરોડા | ૬૪.૯૩ |
| | ઠક્કરબાપા નગર | ૬૮.૧૦ |
| | બાપુનગર | ૬૭.૧૫ |
| | અમરાઈવાડી | ૬૫.૫૯ |
| | દરિયાપુર | ૭૦.૦૯ |
| | જમાલપુર-ખાડિયા | ૬૭.૭૬ |
| | મણિનગર | ૬૯.૪૪ |
| | દાણીલીમડા (એસસી) | ૬૭.૯૯ |
| | સાબરમતી | ૬૯.૬૦ |
| | અસારવા (એસસી) | ૬૭.૨૪ |
| | દસક્રોઈ | ૭૧.૧૪ |
| | ધોળકા | ૭૦.૧૯ |
| | ધંધુકા | ૬૪.૧૨ |
| | કુલ | ૬૮.૫૪ |
| રાજકોટ | મોરબી | ૭૨.૭૮ |
| | ટંકારા | ૭૫.૯૩ |
| | વાંકાનેર | ૭૩.૮૬ |
| | રાજકોટ પૂર્વ | ૬૮.૬૯ |
| | રાજકોટ પશ્ચિમ | ૬૨.૫૬ |
| | રાજકોટ દક્ષિણ | ૬૪.૧૮ |
| | રાજકોટ ગ્રામ્ય (એસસી) | ૬૬.૪૪ |
| | જસદણ | ૮૦.૬૫ |
| | ગોંડલ | ૭૬.૧૧ |
| | જેતપુર | ૭૩.૨૨ |
| | ધોરાજી | ૭૦.૦૭ |
| | કુલ | ૭૧.૦૧ |
| જામનગર | કાલાવડ (એસસી) | ૬૮.૪૫ |
| | જામનગર ગ્રામ્ય | ૭૨.૨૧ |
| | જામનગર ઉત્તર | ૬૫.૮૨ |
| | જામનગર દક્ષિણ | ૬૫.૨૮ |
| | જામજોધપુર | ૭૪.૭૭ |
| | ખંભાળિયા | ૬૭.૮૯ |
| | દ્વારકા | ૬૫.૭૭ |
| | કુલ | ૬૮.૪૮ |
| પોરબંદર | પોરબંદર | ૬૮.૦૯ |
| | કુતિયાણા | ૬૪.૩૬ |
| | કુલ | ૬૬.૩૯ |
| જૂનાગઢ | માણાવદર | ૭૨.૫૫ |
| | જૂનાગઢ | ૬૦.૭૧ |
| | વિસાવદર | ૬૬.૦૯ |
| | કેશોદ | ૬૫.૬૫ |
| | માંગરોળ | ૭૦.૪૦ |
| | સોમનાથ | ૭૬.૦૮ |
| | તલાળા | ૭૬.૮૪ |
| | કોડીનાર (એસસી) | ૬૯.૫૬ |
| | ઉના | ૭૧.૫૮ |
| | કુલ | ૬૯.૭૧ |
| આણંદ | ખંભાત | ૭૩.૦૮ |
| | બોરસદ | ૭૨.૪૫ |
| | આંકલાવ | ૭૮.૨૭ |
| | ઉમરેઠ | ૭૪.૦૫ |
| | આણંદ | ૭૩.૪૨ |
| આણંદ | પેટલાદ | ૭૬.૪૩ |
| | સોજિત્રા | ૭૭.૬૨ |
| | કુલ | ૭૪.૮૯ |
| અમરેલી | ધારી | ૬૬.૪૬ |
| | અમરેલી | ૬૭.૩૭ |
| | લાઠી | ૭૦.૧૬ |
| | સાવરકુંડલા | ૬૧.૬૩ |
| | રાજુલા | ૭૦.૭૮ |
| | કુલ | ૬૭.૨૧ |
| સુરેન્દ્રનગર | દસાડા (એસસી) | ૬૪.૩૨ |
| | લીંબડી | ૬૯.૧૨ |
| | વઢવાણ | ૬૮.૬૫ |
| | ચિલોડા | ૭૧.૨૦ |
| | ધ્રાંગધ્રા | ૭૪.૯૨ |
| | કુલ | ૬૯.૭૯ |
| ભાવનગર | મહુવા | ૬૬.૫૮ |
| | તળાજા | ૬૫.૬૨ |
| | ગારિયાધાર | ૬૪.૬૫ |
| | પાલિતાણા | ૭૦.૦૮ |
| | ભાવનગર ગ્રામ્ય | ૭૫.૫૦ |
| | ભાવનગર પૂર્વ | ૬૭.૧૯ |
| | ભાવનગર પશ્ચિમ | ૬૬.૬૭ |
| | ગઢડા (એસસી) | ૬૫.૦૨ |
| | બોટાદ | ૭૮.૫૦ |
| | કુલ | ૬૯.૧૧ |
| ખેડા | માતર | ૭૫.૨૩ |
| | નડિયાદ | ૬૬.૮૦ |
| | મહેમદાવાદ | ૭૪.૬૩ |
| | મહુધા | ૬૯.૬૩ |
| | ઠાસરા | ૭૧.૩૮ |
| | કપડવંજ | ૭૪.૩૧ |
| | બાલાસિનોર | ૭૩.૨૨ |
| | કુલ | ૭૨.૧૭ |
| પંચમહાલ | લુણવાડા | ૬૭.૧૦ |
| | સંતરામપુર (એસટી) | ૬૮.૮૧ |
| | શેહરા | ૭૪.૧૫ |
| | મોરવા હડફ (એસટી) | ૬૯.૦૦ |
| | ગોધરા | ૭૧.૦૯ |
| | કલોલ | ૭૩.૪૭ |
| | હાલોલ | ૭૬.૩૪ |
| | કુલ | ૭૧.૪૮ |
| દાહોદ | ફતેપુરા (એસટી) | ૬૫.૮૬ |
| | ઝાલોદ (એસટી) | ૬૬.૮૭ |
| | લીમખેડા (એસટી) | ૭૮.૯૫ |
| | દાહોદ (એસટી) | ૬૪.૨૦ |
| | ગરબડા (એસટી) | ૫૭.૪૦ |
| | દેવગઢબારિયા | ૭૯.૬૩ |
| | કુલ | ૬૮.૪૮ |
| વડોદરા | સાવલી | ૭૬.૮૪ |
| | વાઘોડિયા | ૭૭.૦૮ |
| | છોટા ઉદેપુર (એસટી) | ૬૬.૭૩ |
| | જેતપુર | ૭૧.૯૭ |
| વડોદરા | સંખેડા (એસટી) | ૭૩.૧૭ |
| | ડભોઈ | ૭૭.૦૧ |
| | વડોદરા શહેર (એસસી) | ૬૮.૩૩ |
| | સયાજીગંજ | ૬૮.૪૫ |
| | અકોટા | ૬૮.૧૬ |
| | રાવપુરા | ૬૭.૮૬ |
| | માંજલપુર | ૬૯.૮૦ |
| | પાદરા | ૭૯.૭૮ |
| | કરજણ | ૭૮.૩૮ |
| | કુલ | ૭૨.૨૭ |
| નર્મદા | નાંદોદ (એસટી) | ૭૭.૦૭ |
| | ડેડિયાપાડા (એસટી) | ૮૮.૩૧ |
| | કુલ | ૮૨.૨૧ |
| ભરૂચ | જંબુસર | ૭૧.૮૩ |
| | વાગરા | ૭૭.૪૫ |
| | ઝઘડિયા (એસટી) | ૮૦.૬૪ |
| | ભરૂચ | ૭૦.૯૬ |
| | અંકલેશ્વર | ૭૫.૦૮ |
| | કુલ | ૭૫.૧૧ |
| સુરત | ઓલપાડ | ૭૦.૭૮ |
| | માંગરોળ (એસટી) | ૮૦.૧૫ |
| | માંડવી (એસટી) | ૭૯.૩૦ |
| | કામરેજ | ૭૧.૯૦ |
| | સુરત પૂર્વ | ૭૧.૧૮ |
| | સુરત ઉત્તર | ૬૭.૮૨ |
| | વરાછા રોડ | ૬૮.૬૧ |
| | કારંજ | ૬૪.૫૬ |
| | લિંબાયત | ૬૬.૮૧ |
| | ઉધના | ૬૨.૬૭ |
| | મજુરા | ૬૩.૫૮ |
| | કતારગામ | ૬૮.૫૯ |
| | સુરત પશ્ચિમ | ૬૭.૧૧ |
| | ચોર્યાસી | ૬૨.૫૭ |
| | બારડોલી (એસસી) | ૭૩.૯૪ |
| | મહુવા (એસટી) | ૭૬.૦૭ |
| | કુલ | ૬૯.૫૮ |
| તાપી | વ્યારા (એસટી) | ૭૭.૨૫ |
| | નીઝર (એસટી) | ૮૩.૦૮ |
| | કુલ | ૮૦.૪૩ |
| ડાંગ | ડાંગ (એસટી) | ૬૮.૭૬ |
| નવસારી | જલાલપોર | ૬૮.૭૬ |
| | નવસારી | ૭૨.૪૪ |
| | ગણદેવી (એસટી) | ૭૩.૬૬ |
| | વાંસદા (એસટી) | ૭૪.૯૬ |
| | કુલ | ૭૫.૫૯ |
| વલસાડ | ધરમપુર (એસટી) | ૭૮.૩૬ |
| | વલસાડ | ૭૦.૪૭ |
| | પારડી | ૭૦.૬૦ |
| | કપરાડા (એસટી) | ૮૩.૫૨ |
| | ઉમરગામ (એસટી) | ૬૬.૪૪ |
| | કુલ | ૭૩.૭૯ |
| | **રાજ્યનું કુલ મતદાન** | **૭૧.૩૨** |

### ચૂંટણી સર્વેક્ષણોની પોલંપોલ

# વર્ષ ૨૦૦૭માં મોટા ભાગના સર્વેક્ષણો ખોટા પડ્યા હતા

**ચૂંટણી ચક્રવ્યૂહ**

**- યુયુત્સુ દેસાઈ**

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની કુલ ૮૭ બેઠકો માટે વિક્રમજનક કહી શકાય એવું ૬૮ ટકા મતદાન થતાં ભલભલા ચૂંટણી વિશ્લેષકોની આંખો પહોળી થઈ ગઈ છે. સુરતમાં ૬૪, નવસારીમાં ૭૨, તાપીમાં ૭૬, વલસાડમાં ૬૭, રાજકોટમાં ૬૮.૮, ભાવનગરમાં ૬૮, અમરેલીમાં ૬૫.૬, પોરબંદરમાં ૬૩.૫, જામનગરમાં ૬૩, જૂનાગઢમાં ૬૭ અને સુરેન્દ્રનગરમાં ૬૮ ટકા મતદાન થયું છે. પ્રથમ તબક્કામાં સૌથી ઓછું મતદાન જામનગરમાં છે અને તે આંકડો પણ ૬૩ ટકા જેટલો ઊંચો છે. ખેર, આટલા જંગી મતદાનથી એટલો તો કયાસ કાઢી જ શકાય છે કે છેક પ્રથમ તબક્કાના મતદાનના આગલા દિવસ સુધી આવતા ચૂંટણી સર્વેક્ષણોના જાતભાતના સમાચારો આ વખતે પણ ખોટા પડવાની સંભાવના વધુ છે. કારણ કે, આ ચૂંટણીમાં નવા સીમાંકન અને જ્ઞાતિવાદી સમીકરણો ઈવીએમમાંથી કેવી રીતે બહાર આવશે તેની સચોટ આગાહી કરવી અઘરી નહીં, લગભગ, અશક્ય છે. વળી, ભાજપની આ પહેલી ચૂંટણી છે જેમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના એક સમયના શિસ્તબદ્ધ કાર્યકર કેશુભાઈ પટેલ પણ ભાજપની વિરુદ્ધ છે.

ચૂંટણી વિશ્લેષકો જણાવે છે કે, સૌરાષ્ટ્રની ૪૮ ટકામાંથી ૩૦ બેઠકો પર તો પટેલો નિર્ણાયક પરિબળ સાબિત થવાની છે. જેમાં ભાજપે ૨૦ અને કોંગ્રેસ ૧૭ પાટીદાર ઉમેદવારોને ટિકિટ આપી છે, જ્યારે કેશુભાઈના ગુજરાત પરિવર્તન પક્ષે ૨૧ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. નવાઈની વાત એ છે કે, આવા મજબૂત ત્રિપાંખિયા જંગમાં પહેલીવાર સૌરાષ્ટ્રના મતદારોનો આંકડો એક કરોડનો આંકડો વટાવી ગયો છે. કેશુભાઈની વિસાવદર બેઠક પર પણ ૬૫ ટકા મતદાન થયું છે. આ વાત શું દર્શાવે છે? 'લેન્સઓન ન્યૂઝ' દ્વારા એક સર્વેક્ષણ કરીને પ્રથમ તબક્કાના મતદાનના બે દિવસ પહેલાં જ ઢંઢેરો પીટવામાં આવ્યો હતો કે, ગુજરાત પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનો ગુજરાત પરિવર્તન પક્ષ ફક્ત એક જ બેઠક મેળવી શકશે. જ્યારે ભાજપ ગુજરાત વિધાનસભાની ૧૮૨માંથી ૧૨૨ બેઠક પર જીતીને લગભગ બે તૃતિયાંશ બહુમતી હાંસલ કરશે. આ સર્વેક્ષણમાં જણાવાયું હતું કે, આ ચૂંટણીમાં કોંગ્રેસ ૫૩ બેઠક જ મેળવી શકશે.

સર્વેક્ષણો કરતી કંપનીઓનો દાવો હોય છે કે, સર્વેક્ષણ કરવાની તેમની રીત સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. પરંતુ સર્વેક્ષણ કરતી કંપનીઓ એવી ઘણી બધી બાબતોથી અજાણ હોય છે જેની ચૂંટણીના પરિણામો પર વ્યાપક અસર પડતી હોય છે. આપણી કમનસીબી છે કે, આજે પણ દેશના કોઈપણ રાજ્યમાં યોજાતી ચૂંટણીમાં જાતિવાદી અને જ્ઞાતિવાદી સમીકરણો ખૂબ મોટી અસર કરે છે. વળી, ગુજરાતમાં અનેક બેઠકો પર પટેલ વિરૂદ્ધ પટેલ જેવી સ્થિતિ છે.

તો પછી, મતદાર કોને મત આપશે તે જ્ઞાતિવાદી પરિબળના આધારે કેવી રીતે કહી શકાય? ખાસ વાત તો એ છે કે, ગુજરાતમાં પહેલાં તબક્કામાં જ ૬૮ ટકા મતદાન થયું છે. 'લેન્સઓન ન્યૂઝ'નું સર્વેક્ષણ કહે છે કે, ભાજપ ૪૬ ટકા અને કોંગ્રેસ ૩૬ ટકા મત અંકે કરી શકશે. જ્યારે કેશુભાઈનો ગુજરાત પરિવર્તન પક્ષ ફક્ત છ ટકા મત મેળવી શકશે. બીજી તરફ, સૌરાષ્ટ્રમાં મતદારોનો આંકડો એક કરોડને વટાવી ગયો છે ત્યારે ચૂંટણીના પરિણામો જોવા રસપ્રદ બની રહેશે.

'લેન્સઓન ન્યૂઝ'નો દાવો છે કે તેમના પ્રતિનિધિઓએ ૨૮ નવેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન ૧૨,૦૭૮ મતદારોને પૃચ્છા કરીને આ તારણ આપ્યું છે. આ સર્વેક્ષણ મુજબ, સૌરાષ્ટ્રના લેઉઆ પટેલો બહુ મોટી સંખ્યામાં કેશુભાઈની સાથે રહેશે, પરંતુ તેનાથી ભાજપની બેઠકોમાં કોઈ ફરક નહીં પડે. ઊલટાનું આ સર્વેક્ષણમાં તો ભાજપ ૧૨૨ બેઠકો પર વિજય મેળવશે એવું કહેવાય છે. નોંધનીય છે કે, ગઈ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૧૭ બેઠકો મેળવી હતી. આ સર્વેક્ષણ કહે છે કે, 'અત્યારે પણ વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પુરુષો અને સ્ત્રીઓમાં ખાસ્સા લોકપ્રિય છે.' તો પછી દસ વર્ષથી ગજુરાતમાં શાસન કરી રહેલી ભાજપ સરકારને એન્ટી-ઈન્કમ્બસી પરિબળ કેમ નથી નડતું? સર્વેક્ષણમાં આ વાતનો જવાબ આપતા કહેવાય છે કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાને પગલે મતદાન કરવા માટે ઊમટી પડતી મહિલાઓના કારણે એન્ટી-ઈન્કમ્બસી પરિબળ ધૂળધાણી થઈ જાય છે.

જો કે, સર્વેક્ષણોના કારણે જનમાનસ પર શું અસર થાય છે એવું સર્વેક્ષણ કોઈ કેમ નહીં કરતું હોય? કારણ કે, મોટા ભાગે તમામ કંપનીઓ પ્રમાણમાં સરખા જ પરિણામોની આગાહી કરે છે. ચૂંટણી પહેલાં પછી થયેલા લગભગ આઠ સર્વેક્ષણોએ આ વખતની ચૂંટણીમાં મોદીને હોટ-ફેવરિટ ગણાવ્યા છે. જેમ કે, ઈન્ડિયા ટુડે-ઓઆરજીનું સર્વેક્ષણ કહે છે કે, ગુજરાત વિધાનસભાની વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૨૮ બેઠકો મેળવી શકશે. એવી જ રીતે સીએનએન-આઈબીએનનું સર્વેક્ષણ કહે છે કે, હાલ ગુજરાતમાં મુખ્યમંત્રી મોદીની લોકપ્રિયતાને પગલે ભાજપને અગાઉ કયારેય ન મળ્યા હોય એટલા ૫૦ ટકા મત મળશે. આમ તો આ આંકડો વર્ષ ૨૦૦૭માં મેળવેલા મતો કરતાં એક ટકો વધારે છે. જ્યારે કોંગ્રેસની ૩૮ ટકા મતબેંક બે ટકા ઘટાડો થઈ ૩૬ ટકા થઈ જશે અને કેશુભાઈ પટેલનો પરિવર્તન પક્ષ ત્રણ ટકા મત મેળવશે. તેનો અર્થ એ થયો કે, કેશુભાઈના કારણે મોદીને નહીં પણ કોંગ્રેસને નુકશાન થશે. મોટા ભાગના સર્વેક્ષણો જણાવે છે કે, જેવી રીતે ભાજપ ટેકેદાર કડવા પટેલો કેશુભાઈ તરફ વળી ગયા છે, એવી રીતે લેઉઆ પટેલો પણ કોંગ્રેસ છોડીને કેશુભાઈને સાથ આપી રહ્યા છે.

આ સર્વેક્ષણ કહે છે કે, ગુજરાતમાં એન્ટી-અન્કમ્બસી કરતા પ્રો-ઈન્કમબસીનું પ્રમાણ વધારે છે. કારણ કે, સર્વેક્ષણ દરમિયાન ૫૨ ટકા લોકોએ કહ્યું હતું કે, ભાજપ જ સત્તામાં ચાલુ રહેવો જોઈએ. રસપ્રદ વાત એ છે કે, વર્ષ ૨૦૦૭માં ૪૭ ટકા લોકોએ આમ કહ્યું હતું. ચૂંટણી વિશ્લેષકો પણ વારંવાર કહી રહ્યા છે કે, ગુજરાતમાં મોદીનો વિકલ્પ નથી. બીજી તરફ, સર્વેક્ષણો પણ કહે છે કે, વર્ષ ૨૦૦૯ની સરખામણીમાં મુસ્લિમોમાં નરેન્દ્ર મોદી પ્રત્યેનો અણગમામાં ઘણો ઘટાડો થયો છે. કારણ કે, આ વખતે ફક્ત ૨૩ ટકા મુસ્લિમોએ તેમના પ્રત્યે નારાજગી દર્શાવી છે. જ્યારે વર્ષ ૨૦૦૯માં આ આંકડો ૪૪ ટકા હતો. પરંતુ ચૂંટણી સર્વેક્ષણો થોડા ઘણાં લોકો અમુક સવાલો પૂછીને કરવામાં આવતા હોવાથી તે ખોટા પડવાની શકયતા વધુ રહે છે. શું આ વખતે પણ ભાજપ સરકારની તરફેણના પરિણામો દર્શાવનારા સર્વેક્ષણો ખોટા પડશે?

જો કોઈ સર્વેક્ષણ સાચું પડે એનો અર્થ એ નથી કે તે વધુ સારી રીતે ઊંડા સંશોધન પછી કરાયું હતું. કારણ કે, ભારત જેવા દેશમાં યોજાતી ચૂંટણીઓમાં ધર્મ, જાતિ, જ્ઞાતિની સાથે અંગત લાભ-નુકસાન, ફિલ્મ સ્ટારો અને કરિશ્માઈ નેતાઓનો પ્રભઆવ, ટૂંકા ગાળાના સ્વાર્થ, માધ્યમોમાં બતાવાતા- છપાતા સમાચારો વગેરે જેવા સૂક્ષ્મ પરિબળો પણ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. આ

> **જો કોઈ સર્વેક્ષણ સાચું પડે એનો અર્થ એ નથી કે તે વધુ સારી રીતે ઊંડા સંશોધન પછી કરાયું હતું; કારણ કે, ભારત જેવા દેશમાં યોજાતી ચૂંટણીઓમાં ધર્મ, જાતિ, જ્ઞાતિની સાથે અંગત લાભ-નુકસાન, ફિલ્મ સ્ટારો અને કરિશ્માઈ નેતાઓનો પ્રભઆવ, ટૂંકા ગાળાના સ્વાર્થ, માધ્યમોમાં બતાવાતા- છપાતા સમાચારો વગેરે જેવા સૂક્ષ્મ પરિબળો પણ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે**

ઉપરાંત મતદારો પણ પોતાના અભિપ્રાય અંગે ખોટી માહિતી આપતા હોઈ શકે છે. વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૨ ચૂંટણીઓના સર્વેક્ષણોની વિશેષતા જાણવા જેવી છે. વર્ષ ૨૦૦૭માં વિવિધ સર્વેક્ષણોએ ભાજપને ૯૦ અને ૧૨૦ બેઠકો મળશે. એવી આગાહી કરી હતી. અર્થાત દરેક સર્વેક્ષણનું તારણ અલગ હતું. એક સર્વેક્ષણે તો કોંગ્રેસના વિજય અને ભાજપના પરાજયની આગાહી કરી હતી. વર્ષ ૨૦૦૭માં મોટા ભાગના સર્વેક્ષણો ખોટા પડતા સર્વે કરનારાઓએ શરમથી મોઢું છુપાવવાનો વારો આવ્યો હતો.

નવાઈની વાત એ છે કે, વર્ષ ૨૦૧૨માં બધા જ સર્વેક્ષણોએ ભાજપને સ્પષ્ટ બહુમતી આપી દીધી છે. બધઆ જ સર્વેક્ષણોના આધારે એવું તારણ નીકળે છે કે, ભાજપને ઓછામાં ઓછી ૧૨૦ બેઠક જરૂર મળશે. પરંતુ અપેક્ષાથી વધુ મતદાન અને નવા સીમાંકન જેવા પરિબળો ફરી એકવાર સર્વેક્ષણોને ખોટા પાડી શકે છે.

ટેલિવિઝન ચેનલો કે અખબારો વિવિધ સર્વેક્ષણોને મહત્વ આપવામાં પ્રમાણભાન ભૂલે છે. કરોડો મતદારોની વાત હોય ત્યાં મુઠ્ઠીભર લોકોનો સર્વે કરીને આખી ચૂંટણીના પરિણામોની આગાહી કરવી અશક્ય છે. જેવી રીતે ઘઉં લઈને તપાસીએ છીએ કંઈક એવી રીતે સર્વેક્ષણો થાય છે. પરંતુ શહેરી-ગ્રામ્ય અને શિક્ષિત-નિરક્ષર માણસોને પોતાના આગવા ગમા-અણગમા હોય છે તે સર્વેક્ષણોમાં ભૂલી જવાય છે.